# તાલાલાના નવ ગામને મળશે પિયતનું પાણી

## તાલુકા સમિતિની બેઠકમાં લેવાયો મહત્વનો નિર્ણયઃ ધરતી પુત્રો દ્વારા મળ્યો આવકાર

(પ્રતિનિધિ દ્વારા)તાલાલા ગીર તા. ૬

તાલાલા પંથકના હિરણ નદીની કેનાલની સુવિધાવાળા બોરવાવ ગીર,વિરપુર ગીર, પીપળવા ગીર, ગલીયાવડ, તાલાલા ગીર,ગુંદરણ ગીર, ઘુંસિયા ગીર, ધ્રામણવા, ગુણવંતપુર સહિતના નવ ગામોને ઉનાળું ફસલ માટે કમલેશ્વર ડેમમાંથી છ પાણી આપવાનો નિર્ણય થતાં ખેડુતોમાં ખુશી જોવા મળે છે.


(તસ્વીર : સરદારસિંહ ચૌહાણ)

ગીર સોમનાથ જિલ્લા સિંચાઇ વિભાગના ઇન્ચાર્જ કાર્યપાલક ઇજનેર એ.પી.કલસરીયા ની ઉપસ્થિતિમાં તાલાલા તાલુકા સિંચાઇ સલાહકાર સમિતિની બેઠક મળી હતી,જેમાં આ વર્ષે પણ કમલેશ્વર ડેમમાં પુરતાં પ્રમાણમાં પાણીનો જથ્થો હોય,ઉનાળું પિયત માટે ડેમમાંથી છ પાણી આપવા ખેડુત પ્રતિનિધિઓએ માંગણી કરી હતી,જે સિંચાઈ વિભાગના અધિકારીઓએ સ્વીકાર કરી તા.૧૫/૦૨/૨૦૨૩ બાદ ખેડુતોની માંગણી પ્રમાણે ક્રમશઃ ઉનાળું ફસલ માટે છ પાણી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

તાલાલા પંથકમાં આ વર્ષે મેઘરાજા મન મૂકીને વરસ્યા છે,આ ઉપરાંત તાલાલા પંથકની જીવાદોરી સમાન કમલેશ્વર ડેમ પણ દિવાળી સુધી ઓવરફ્લો રહ્યો હોય,હિરણ નદીની કેનાલની સુવિધાવાળા નવ ગામોને ઉનાળું સિંચાઈ માટે પુરતાં પ્રમાણમાં પાણી મળશે,પરીણામે સાસણ થી તાલાલા સુધીના હિરણ નદીના કાંઠા ઉપરનાં ૨૦ થી ૨૨ ગામના પાણીના તળ જીવંત રહેશે ઉપરાંત નવ ગામના ખેડુતોને કેરીના આંબા, શેરડી, મગફળી, તલ, ઘાસચારો તથા કઠોળના વાવેતર થયેલ પાકને અમુલ્ય લાભ થશે,સિંચાઇ વિભાગના અધિકારીઓએ ખેડુતલક્ષી કરેલ નિર્ણયને ખેડુતોએ આનંદ સાથે વધાવ્યો છે.

આ બેઠકમાં સેકસન અધિકારી નરેન્દ્રભાઇ પિઠીયા, સિંઘવભાઈ તથા ચૌધરીભાઈ ઉપરાંત તાલાલા તાલુકાના સિંચાઇ સલાહકાર સમિતિના સભ્યો તથા ખેડૂત અગ્રણીઓએ ભાગ લીધો હતો.

**દરિયામાં જતું પાણી ખેડુતોને આપવાનો નિર્ણય સરાહનીય**

હિરણ નદીનું દરીયામાં વહી જતું પાણી સાંગોદ્રા કેનાલમાં ચડાવવાનો સરાહનીય નિર્ણય કરવા બદલ ખેડૂતોએ સિંચાઈ વિભાગનો આભાર વ્યકત કર્યો હતો. નદીનું વધારાનું પાણી કેનાલમાં આવતા બોરવાવ ગીર તથા વિરપુર ગીર બે ગામના પાણીના તળ ઉંચા આવતા ઘઉં,ચણા,ધાણા,લસણ સહિત શિયાળુ ફસલમાં ખુબ જ ફાયદો થયો છે,નદીનું વેડફાતું પાણીનો સદઉપયોગ કરવા બદલ બે ગામના ખેડુતોએ સિંચાઈ વિભાગના અધિકારીઓની મુકત કંઠે પ્રશંસા કરી આભાર વ્યકત કર્યો હતો.

# મોરબીમાં મહિલા સફાઈ કર્મચારી પર દુષ્કર્મ મામલે આગેવાનો મેદાને

## આરોપીઓને કડક સજા કરવાની માંગ સાથે રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા) મોરબી તા. ૬

મોરબીના રવાપર રોડ ઉપર મધ્યરાત્રીના મહિલા સફાઈ સૈનિકને નિશાન બનાવી બે નરાધમ શખ્સોએ દુષ્કર્મ ગુજારતા આ ઘટનાના સમગ્ર રાજ્યના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે ત્યારે મોરબીના યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા આ ઘટનાની ઉગ્ર નિંદા કરી દુષ્કર્મ આચરનાર શખ્સોને કડકમાં કડક સજા આપવાની માંગ સાથે સફાઈ સૈનિકોને પૂરતી સુરક્ષા આપવા માંગ ઉઠાવવામાં આવી છે. સમાજની સુખાકારી માટે દિવસ રાત જોયા વગર ફરજ બજાવતા સફાઈ કર્મચારીઓને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સફાઈ સૈનિકનું બિરુદ આપ્યું છે ત્યારે મોરબીમાં મધ્યરાત્રીએ ફરજ બજાવતા વૃદ્ધ મહિલા સફાઈ સૈનિકની એકલતાનો લાભ લઇ બે નરાધમ


(તસ્વીર : અતુલ જોષી)

હવસખોરો દ્વારા અપહરણ કરી દુષ્કર્મ ગુજારવામાં આવતા આ હીંચકારી ઘટનાને મોરબીના યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી છે. વધુમાં રાત્રે તેમજ વહેલી સવારે નિષ્ઠા પૂર્વક ફરજ બજાવતા મહિલા સફાઈ કામદારોની એકલતાનો લાભ લઇ આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે મોરબી પાલિકા તંત્ર દ્વારા યોગ્ય સુપરવિઝન તેમજ ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી કરવામાં આવતી હોય તેવા કિસ્સામાં કોન્ટ્રાક્ટર દ્વારા પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની સાથે પોલીસ તંત્ર દ્વારા પણ મહિલા સફાઈ કર્મચારીઓની સુરક્ષા નિશ્ચિત કરવા માંગ ઉઠાવવામાં આવી છે. ઉપરાંત મોરબીમાં જે રીતે એકલા મજબુર મહિલા કર્મચારીની એકલતાનો લાભ લઇ હવસખોરોએ અપહરણ કરી દુષ્કર્મ ગુજારતા આવી ઘટનાનું પુનરાવર્તન થાય તે માટે આરોપીઓને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગ પણ યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા અંતમાં ઉઠાવવામાં આવી છે.

# જામનગરની હરિયા કોલેજના ઈ.વી.એમ. સ્ટ્રોંગરૂમના મશીનમાં છેડખાની? તંત્ર દોડ્યુ

## મશીનના સીલમાં છેડછાડ થયાની અફવા બાદ તપાસ : કેમેરાથી ચકાસણી

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૬

જામનગરની હરિયા કોલેજમાં જિલ્લાની પાંચેય બેઠકના મતદાન પછી ઇવીએમ મશીનોને સીલ કરીને સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે, જ્યાં ઇવીએમ મશીનમાં છેડછાડ થઈ હોવાની અફવા શરૂ થયા પછી કોંગ્રેસના બે ઉમેદવારો એ સ્ટ્રોંગરૂમના સ્થળે દોડી જઇ ફરિયાદ કરી હતી. વહીવટી તંત્ર પણ રાત્રિના દોડતું થયું હતું, અને સીસીટીવી કેમેરાઓ ચકાસી લીધા પછી આખરે કોંગ્રેસના ઉમેદવારો પરત કર્યા હતા.

જામનગર જિલ્લાની પાંચેય વિધાનસભા વિસ્તાર ની ચૂંટણીનું મતદાન થઈ ગયા પછી ઇવીએમ મશીનોને સીલ કરીને જામનગરની હરિયા કોલેજ માં ઊભા કરાયેલા રિસીવિંગ સેન્ટરમાં સ્ટ્રોંગ રૂમ બનાવીને સીલ કરવામાં આવ્યા છે.

જે સીલ કરેલા મશીનમાં છેડછાડ થઈ હોવાની અફવા ઉડી હતી. જેના અનુસંધાને ૭૭- ગ્રામ્ય વિધાનસભા વિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર જીવણભાઈ કુંભારવાડીયા તથા ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના ઉમેદવાર બીપેન્દ્રસિંહ જાડેજા ઉપરાંત પ્રદેશ મહિલા કોંગી મહામંત્રી સહારાબેન મકવાણા વગેરે હરિયા કોલેજ માં ઉભા કરાયેલા સ્ટ્રોંગરૂમના સ્થળે દોડી ગયા હતા. ઉપરાંત વહીવટી તંત્રને ફરિયાદ કરતાં જામનગર શહેર વિભાગના પ્રાંત અધિકારી ડી.ડી.શાહ પણ હરિયા કોલેજના સ્થળે પહોંચ્યા હતા.

જ્યાં કોંગી ઉમેદવારોએ સ્ટ્રોંગ રૂમને ખોલવાની માંગણી કરી હતી, પરંતુ વહીવટી તંત્ર દ્વારા સીલ તોડવા માટેની ના પાડી હતી, પરંતુ ત્યાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાને ચકાસવા માટેની છૂટ આપી હતી, અને સ્થળ પર કેમેરાઓ ની ચકાસણી કરી લેવાઇ હતી. જો કે ઇવીએમ સાથેની છેડછાડ એકમાત્ર અફવા હોવા થી આખરે ઉમેદવારો તથા વહીવટી તંત્ર પરત ફર્યું હતું.

# ટંકારામાં એક વર્ષ પહેલા તૈયાર થયેલ પ્રવેશદ્વાર ધરાશયી : સ્કૂલ બસનો બચાવ

## સદનસીબે જાનહાની ટળી : પોલીસ–આગેવાનો દોડ્યા

(પ્રતિનિધિ દ્વારા) મોરબી તા. ૬

ટંકારા શહેરના ઉગમણા નાકે બનાવવામાં આવેલ પ્રવેશદ્વાર આજે અચાનક તૂટી પડ્યો હતો. જો કે આ દુર્ઘટનામાં સદભાગ્યે કોઈ જાનહાની થઈ ન હતી અને હજારો કિલોના પીલર પડી ભાંગ્યા ત્યારે ત્યાંથી પસાર થતી ભુલકાઓથી ભરેલી સ્કૂલ બસ પણ સેકંડોની ગણતરીમાં આબાદ બચી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ટંકારા શહેરના ઉગમણા નાકે પ્રવેશદ્વાર આવેલો છે. જેનું પ્રગતિ ગુપ ટંકારા દ્વારા પ્રાઈવેટ બનાવ્યો હતો. જે સ્નેહીજનોના સંભારણા રૂપે એક વર્ષ પહેલા જ તૈયાર થયો હતો. પરંતુ આજે બપોરના સમયે આ પ્રવેશદ્વાર અચાનક જ તૂટી પડ્યો હતો. જેના કારણે સ્થળ પર અફરાતફરી મચી જવા પામી હતી. જો કે સદભાગ્યે દુર્ઘટના સમયે કોઈ વાહન કે લોકોની અવરજવર ન હોવાથી કોઈ જાનહાની સર્જાઈ ન હતી. તેમજ બનાવને પગલે ટંકારા પોલીસ પંચાયત અને સામાજિક


(તસ્વીર : અતુલ જોષી)

કાર્યકર દોડી આવ્યા હતા. ત્યારે ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીઓને લઈને જતી સ્કૂલ બસ અને ગેટ ધરાશાયી થવાની ઘટનાને માત્ર ૨૦-૩૦ સેકન્ડનો ફેર પડતા મોટી જાનહાનિ ટળી હતી.

# જામનગરમાં ઘરફોડી

## દસેક દિવસ પહેલા બનાવમાં મકાન માલિકે હવે ફરિયાદ કરી

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૬

જામનગર શહેર અને જિલ્લા માં તસ્કરો ની રંજાડ વધી રહી છે. ગઈકાલે ગોકુલ નગર વિસ્તાર માં તસ્કરો એ એક ધાર્મિક સ્થાન ને નિશાન બનનાવ્યું હતું. આ પછી મયુર એવન્યુ વિસ્તાર માં એક બંધ રહેણાક મકાન ને નિશાન બનાવી લઈ રોકડ અને ચાંદી ના ઘરેણાં સહિતના માલસમાન ની ચોરી કરી ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે.જો કે દશેક દિવસ પહેલા ના આ બનાવ અંગે ગઇકાલે ફરિયાદ નોંધાઇ હતી.

જામનગરમાં મયુર એવન્યુ આહીર કન્યા છાત્રાલય પાસે રહેતા જયેશભાઈ નરસિંગ ભાઈ અપારનાથી ના બંધ રહેણાક મકાનને તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું, અને અંદરથી ૮,૦૦૦ ની રોકડ, ચાંદીની બંગડી તથા

ઇમીટેશન જ્વેલરી વગેરે સહિત કુલ ૨૬,૩૦૦ ની માલમતાની ચોરી કરી લઈ ગયા હતા. દશેક દિવસ પહેલા ની ચોરી ના આ બનાવ અંગે ગઈકાલે પોલીસ માં ફરિયાદ નોંધાવતાં પોલીસ ટુકડી દોડતી થઈ છે.

# માંગરોળમાં જીએસએફસીના પમ્પમાં ડિઝલમાં પાણીની તપાસ શરૂ

## ડીઝલના નમુના લઈ એફએસએલ તપાસનો ધમધમાટ

માંગરોળ તા. ૬

માંગરોળ બંદર ખાતે માછીમારોને ડીઝલ માં સાથે પાણીની ભેળસેળ ની ફરીયાદો ઉઠતાં ઉચ્ચ કક્ષાએથી તપાસની માંગ કરાઇ છે ત્યારે આજે સરકાર અને કંપની દ્વારા માંગરોળ બંદરના ડીઝલના પંપ ઉપરથી ડીઝલના નમુનાઓ લેવામાં આવ્યા છે અને પંપનો જયાં સુધી નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી પંપ બંધ રાખવા સુચના આપવામાં આવી છે. ખાસતો આ ડીઝલમાં પાણી તેમજ અન્ય કેમીકલ ભેળસેળ હોવાની આશંકા વ્યક્ત કરી માછીમારોએ હોબાળો મચાવ્યો હતો અને આ બાબતે ધટનાની મામલતદારને જાણ થતાં તાત્કાલિક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. બીજીતરફ વાત કરીએ તો ડીઝલમાં ભેળસેળની આશંકાને લઈને જે



બોટો અહીથી ડીઝલ નખાવીને માછીમારી કરવા ગઈ હતી તેને કોઇ જોખમ ઉઠે તે પહેલાં પરત બોલાવીલેતા માછીમારોને લાખોની નુકસાની થયાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે અને હાલ આ નુકશાની બાબતે જવાબદાર કોણ ? તેવા અનેક સવાલો માછીમારો મા ઉઠી રહ્યો છે, આ પ્રકરણમાં જે કોઈ પણ સામેલ હોય તેની સામે કડક કાર્યવાહી કરવા માછીમાર આગેવાનો દ્વારા માંગ ઉઠી છે.

# ભાવનગરના ગણેશગઢ ગામે ઝીંગા ફાર્મમાંથી ૧૦.૩૫ લાખના સામાની ચોરી

## નિશાચરો ત્રાટકતા આસપાસના કારખાનાવાળાઓમાં ફફડાટ

ભાવનગર તા. ૬

ભાવનગર નજીક ભાલના ગણેશગઢ ગામ પાસે આવેલ ઝીંગા ઉછેર માટેના ફાર્મની ઓરડીમાં રાખેલ વાયરો,સ્વીચ સહિત રૂ.૧૦.૩૫ લાખની કિંમતના સામાનની કોઈ તસ્કરો ચોરી કરી લઈ જતા ફાર્મના માલિકે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ વેળાવદર ભાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે મળતી વિગતો મુજબ ભાવનગરના વિજયરાજનગર આદર્શ સોસાયટી,પ્લોટ નં.૬૪૯ એ/બી માં રહેતા અને ભાલના ગણેશગઢ ગામ નજીક ઝીંગા ફાર્મ અને તળાવ ધરાવતા હિરેનભાઈ મેંઘજીભાઈ ધમેલીયાએ વેળાવદર ભાલ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ગણેશગઢ પાસે આવેલ તેમની માલિકીના ફાર્મના ઝીંગા ઉછેરના તળાવ વર્ષ ૨૦૨૧ થી બંધ ચગે અને તેને લગતો સમાન પતરાની ઓરડીમાં રાખેલ હોય,ગત તા.૨૪/૧૦ થી ૩૦/૧૧ દરમિયાન અજાણ્યા તસ્કરે રૂમની પાછળના ભાગનો દરવાજો તોડી રૂમની અંદર ટીપડામાં રાખેલ ૪૮૦૦ મીટર કોપરનો વાયર,જનરેટરની બાજુનો ૪૨ મીટર એલ્યુમિનિયમનો વાયર,જનરેટર ઉપર ફિટ કરેલ કોપર વાઇંડિંગનો ભાગ,પેનલ બોર્ડમાં લગાવેલી ૧૦ નંગ ચેન્જ ઓવર સ્વીચ,કોપરની ૫ સ્વીચ,એલ્યુમિનિયમનો ૨૦ મીટર વાયર મળી કુલ રૂ.૧૦,૩૪,૯૦૦ ની કિંમતના સામાનની ચોરી કરી લઈ ગયા હતા. આ બનાવ અંગે વેળાવદર ભાલ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ધોરાજી વિધાનસભા બેઠકમાં આપ કોને નડશે ? ભાજપ-કોંગ્રેસે કર્યા જીતના દાવા

## ગુરૂવારે જનતાના ફેસલા પર મીટ, મોઢા એટલી વાતો

(પ્રતિનિધિ દ્વારા) ધોરાજી તા. ૬

ધોરાજી વિધાનસભા બેઠક પર કોંગ્રેસ અને ભાજપ બન્ને પક્ષે જીતના દાવા થઈ રહ્યાં છે. જ્યારે આમ આદમી પાર્ટી કોના મત તોડશે તેના પર ધોરાજી ઉપલેટા બેઠક ની હારજીત નિર્ભર હોવાની રાજકીય વિશ્લેષકો માં ચર્ચા ચાલી રહી છે.

ધોરાજી ઉપલેટા વિધાનસભા બેઠક પર ૨,૬૮,૫૧૪ મતદારોમાંથી ૧,૫૩,૫૯૯ મતદારોએ પોતાનો મત આપતા વિધાનસભા ૭૫ બેઠક પર ૫૭.૨૦ ટકા મતદાન નોંધાયું હતું.

મતદાન પૂર્ણ થયા બાદ કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષો જીતની આશા સેવી રહ્યા છે. ૨૦૧૭ના વર્ષમાં કોંગ્રેસ પક્ષેથી લલિત વસોયા ૨૫,૦૦૦ થી પણ વધારે મહત્વની લીડ થી ચૂંટાયા હતા ત્યારે આ વખતે કોની હાર જીત થશે. અને કેટલી લીડ થી કોણ ઉમેદવાર ચુંટાશે તેના પર અટકડો લાગી રહી છે બંને પક્ષના અગ્રણીઓ દ્વારા પાંચ થી સાત હજાર મતોથી ચૂંટાવવાના દાવા થઈ રહ્યા છે. ત્યારે આમ આદમી પાર્ટી કોંગ્રેસના કે ભાજપના જેમના પણ મત કાપશે તેના પર હાર જીતનો દારોમદાર હોવાનું પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

ભાજપ પક્ષના ઉમેદવાર મહેન્દ્રભાઈ પાડલીયા જીતનો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે અને નરેન્દ્ર ભાઈ મોદી નો ચહેરો અને ગુજરાતમાં વિકાસની થયેલી વણઝાર પર લોકો ભાજપ પક્ષે મતદાન કર્યું હોવાની અપેક્ષા રાખી રહ્યા છે. સામેની બાજુએ લલિત વસોયા એ જણાવેલ ધોરાજી ઉપલેટા પંથકમાં જે પ્રમાણે વિસ્તારના પ્રાથમિક અને આવશ્યક કામો પૂર્ણ કર્યા છે તેને ધ્યાનમાં લઇ લોકોએ કોંગ્રેસ તરફી મતદાન કર્યું હોવાનો આશાવાદ વ્યક્ત કરી રહ્યા છે. લેવા પટેલ અને કડવા પટેલ ના ઉમેદવારો વચ્ચે અમુક અંશે જાતિવાદનું રાજકારણ પણ ચાલ્યું હતું

ત્યારે આવતીકાલે જ્યારે મતગણતરી થશે ત્યારે ધોરાજી ઉપલેટા વિધાનસભા બેઠકનું ચિત્ર સ્પષ્ટ થશે હાલ તમામ રાજકીય રસીયાઓ પોતપોતાના આંકલન કરી રહ્યા છે.

# ચેક પરત ફરતા છ મહિનાની કેદ

## જામનગરની અદાલતનો ચુકાદો

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૬

જામનગરના એક આસામી એ ધંધા ના વિકાસ માટે રૂ. ૯ લાખ ૭૫ હજાર ની રકમ હાથ ઉછીની લીધી હતી.તે રકમ ની પરત ચૂકવણી માટે ચેક આપવા માં.આવ્યો હતો.જે ચેક પરત ફરતા અદાલત માં ફરિયાદ નોંધાવી હતી. જે કેસ ચાલી જતાં અદાલતે આરોપી ને છ માસ ની કેદની સજા નો હુકમ કર્યો છે. જામનગર ના પ્રદિપસિંહ મંગલસિંહ જાડેજા પાસે થી ધનજી ગોવિંદભાઇ પરમાર એ રૂ. ૯ લાખ ૭૫ હજાર ની રકમ ધંધા ના વિકાસ માટે હાથ ઉછી ની મેળવ્યા પછી પરત ચૂકવણી માટે ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી પરત ફરતા પ્રદીપસિંહ દ્વારા જામનગર ની અદાલત માં નેગોશિયબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ અદાલત માં ફરિયાદ નોંધાવી હતી. આ.અંગે નો કેસ ચાલી જતા એડી.ચીફ જ્યુડી.મેજિસ્ટ્રેટ.ડી બી જોશી એ આરોપી ધનજી પરમાર ને તકસીરવાન ઠરાવી છ માસ ની સાદી કેદ ની સજા તથા ચેક ની રકમ મુજબ વળતર ચૂકવી આપવા નો આદેશ કર્યો છે. અને જો વળતર ની રકમ ચૂકવવા માં ન આવે તો વધુ એક મહિના ની કેદ ની સજા અદાલત દ્વારા આપવામાં આવી છે. આ કેસ માં ફરિયાદી તરફે વકીલ મણિલાલ કાલસરિયા, જયદીપસિંહ જાડેજા, એચ એમ ધમેલીયા અને ગૌરાંગ મુંજપરા રોકાયા હતા.

# દ્વારકામાં વીજબીલ બાકીના મેસેજ બાદ ૭૮૦૦૦ની ઉઠાંતરીમાં રકમ પરત અપાવાઇ

## ભોગ બનનારની સાયબર સેલમાં ફરિયાદ બાદ પોલીસની જબરી કામગીરી

જામખંભાળીયા તા. ૬

દ્વારકા જિલ્લા સાયબર સેલ દ્વારા લાઈટ બિલ ભરવાના બહાને છેતરપીંડી થયેલ રકમ ભોગ બનાવનાર ને રકમ પરત મેળવી આપાઈ હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશકુમાર પાંડેય તથા ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ નાઓએ સાયબર ક્રાઈમ ગુન્હા અટકાવવા તથા શોધવા અંગેની સૂચના તેમજ માર્ગદર્શન મુજબ સાયબર ક્રાઈમ સેલ પી.આઈ પટેલના નેતૃત્વ હેઠળ પો.હેડ.કોન્સ. ધરણાંત બંધિયા, મુકેશ કેશરીયા, હેમંત કરમુર, પો.કોન્સ. હેભા ચાવડા દ્વારા સાયબર ક્રાઇમના બનાવોમાં દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ સેલ હંમેશા ભોગબનનારને તાત્કાલિક મદદરૂપ થાય છે. પોલીસ દફતરેથી મળતી માહિતી મુજબ ખંભાળીયાના જે.કે.વી.નગર ખાતે રહેતા એક આસામી વિજયભાઈ મનસુખલાલ કટારીયાને તેમના મોબાઈલ ફોનમાં મેસેઝ આવેલ કે '' તમારું લાઈટ બિલ ભરવાનું હોય, જે તાત્કાલિક ભરી દેવું, જો લાઈટ બિલ ભરવામાં નહિ આવે તો લાઈટ કનેક્શન કાપી નાખવામાં આવશે. '' જે મેસેઝમાં એક મોબાઈલ નંબર આપવામાં આવેલ તે મોબાઇલ નબરમાં ભોગબનનાર વિજયભાઈએ સંપર્ક કરતા સામાવાળાએ તાત્કાલિક બિલ ભરવાના બહાને ભોગબનનારના ક્રેડિટ કાર્ડ નંબર, સીવીવી, ઓટીપી વિગેરે જેવી માહિતી પડાવી લીધેલ અને ભોગબનનારના ક્રેડિટ કાર્ડમાંથી (૧) રૂ.૪૬,૦૨૮ તથા (૨) રૂ.૩૦,૦૨૮ એમ કુલ રૂ.૭૮૦૫૬ ઉપડી જતા આ સમગ્ર બનાવ અંગે ભોગબનનાર તાત્કાલિક સાયબર ક્રાઈમ સેલ દ્વારકાનો સંપર્ક કરતા સાયબર ક્રાઈમ સેલની ટિમ દ્વારા આ બનાવમાં ભોગબનનારને મદદરૂપ થઇ તાત્કાલિક જરૂરી પત્રવ્યવહાર તથા ટેક્નિકલ રિસોર્સના આધારે ભોગબનનારની કુલ રૂ.૭૮,૦૫૬ પરત મેળવી આપી સરાહનીય કામગીરી કરેલ હતી.

# મોરબીની બાઇક ઉઠાવગીર બે શખ્સો ધ્રોલથી ઝબ્બે

## જામનગર એસઓજીની કામગીરી : મુદામાલ કબ્જે



જામનગર તા. ૬

જામનગર પોલીસ ની એસ.ઓ.જી.ની ટીમે ધ્રોળ પંથક માં વોચ ગોઠવી મોરબી થી બાઇકની ચોરી કરીને આવી રહેલા બે પરપ્રાંતિય તસ્કરોને ઝડપી લીધા છે, અને બાઈક કબજે કર્યું છે. જામનગરની એસ.ઓ.જી. ની ટીમ દ્વારા શહેર જિલ્લામાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું, જે દરમિયાન તેઓને ચોક્કસ બાતમી મળી હતી કે મોરબી થી વાહન ચોરી કરીને બે તસ્કરો ધ્રોળ પંથકમાં ઘુસ્યા છે. જેથી એસ.ઓ.જી. ની ટીમે નથુવડલા ગામ પાસે વોચ ગોઠવી મધ્યપ્રદેશના વતની ઇન્દર દરિયાભાઈ બામણીયા, તેમજ દિનેશ ગુમાનભાઈ પસાયા નામના બે પરપ્રાંતીય શખ્સોને આંતરી લીધા હતા, અને તેઓ પાસેથી ચોરાઉ મોટરસાયકલ કબજે કર્યું છે, અને મોરબી પોલીસને જાણ કરી છે.આ બંને સખસો એ એકાદ માસ પહેલા મોરબી - વાવડી ગામ ના માર્ગે, માધાપર નાકે, હનુમાન મંદિર પાસે થી આ મોટર સાયકલ ની ચોરી કરી હોવા ની કબૂલાત આપી હતી.

# ગોંડલ : ૨૧ વર્ષિય યુવતી પરિણીત વિધર્મીના પ્રેમમાં પડતા થઈ ચકચાર

## યુવતિની માતાએ ૧૮૧નો આશરો લેતા ટીમની મદદથી થયો બચાવ

(પ્રતિનિધિ દ્વારા) ગોંડલ તા. ૬

જેતપુર પંથકની એક યુવતી તેના પાડોશમાં જ રહેતા પરણિત વિધર્મી યુવકના પ્રેમમાં પડી હતી અને ત્રણ સંતાનના પિતા એવા યુવક સાથે લિવ ઈન રિલેશનમાં રહેવા જીદે ભરાઈ હતી. જોકે યુવતીની માતાએ દીકરીને ખૂબ સમજવી પણ ટસની મસ ન થતા અંતે માતાએ મહિલા હેલ્પલાઇન ૧૮૧ અભયમ ટિમને જાણ કરતા ગોંડલ ૧૮૧ ટીમના કાઉન્સિલર મનીષા પરમાર, કોન્સ્ટેબલ પુષ્પા સરવૈયા, પાયલોટ જયેશભાઈ હાડા સહિતની ટિમ દોડી ગઈ હતી. યુવતીની માતા પાસેથી વિગત મેળવી હતી કે, યુવતી જ્યાં રહે છે ત્યાં તેમના પાડોશમાં જ રહેતો પરણિત વિધર્મી યુવાન કે જેને સંતાનમાં ૨ દીકરી અને ૧ દીકરા છે તેની સાથે લિવ ઈન રિલેશનમાં રહેવા યુવતી જીદે ભરાઈ હતી અને તેણી ડોક્યુમેન્ટ લઈ ઘરેથી નીકળી જવા માંગતી હતી. યુવક પણ પાડોશમાં જ રહેતો હોય બન્ને પરિવારો વચ્ચે પણ અવાર નવાર ઝઘડા થતા હતા.

જોકે, યુવતીની માતા યુવતીને તેના દાદાના ઘરે લાવી હતી. જે પછી ૧૮૧ના કાઉન્સિલરે યુવતીનું કાઉન્સિલિંગ કર્યું હતું. જેમાં મેરેજ અને લિવ ઈન રિલેશન વચ્ચેનું અંતર અને લિવ ઈનમાં રહ્યા પછી ભવિષ્યમાં તેની કેવી અસર થઈ શકે છે તેની સંભાવના અંગે યુવતીને જાણકારી અપાઈ હતી અને તેને વિશ્વાસમાં લીધી હતી. બાદમાં યુવકને બોલાવી તેનું કાઉન્સિલિંગ કરતા યુવક તેની પત્ની અને સંતાનોને છોડી શકે તેમ નથી તેવું સ્પષ્ટ થયું હતું. આ સ્પષ્ટતા બાદ યુવતીને પણ સમજ અપાઈ હતી અને તેણી હવે યુવક સાથે કોઈ સંબંધ નહીં રાખે તેવી ખાતરી આપેલી. સામે પક્ષે યુવકે પણ હવે યુવતી સાથે સંપર્ક નહીં રાખી તેની પત્ની અને સંતાનોમાં ધ્યાન આપશે તેવી બાંહેધરી આપી હતી.

દીકરીને સમજાવી તેની લિવ ઇન રિલેશનમાં રહેવાની જીદ છોડાવી દીકરીનું ભવિષ્ય બગડતા બચાવનાર ૧૮૧ની ટીમનો યુવતીની માતાએ આભાર માન્યો હતા. અને કામગીરીની પ્રશંસા કરી હતી.

# કાલાવડના પ્રભુજી પીપળિયા ગામે શ્રમિક યુવાનનું વિષપાનઃ મૃત્યુ

## જામનગરમાં જુગાર રમતા બે મહિલાઓ સહિત ત્રણ ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૬

જામનગર જિલ્લા ના કાલાવડ તાલુકા ના પ્રભુજી પીપળીયા ગામ માં રહેતા શ્રમિક યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી છે.

મૂળ મહીસાગરના વતની અને હાલ કાલાવડ નજીક પ્રભુજી પીપળીયા ગામમાં વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા સુરેશ મનુભાઈ તાવીયાડ નામના ૨૫ વર્ષના શ્રમિક યુવાને પોતાની વાડીમાં કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવ અંગે પંકજભાઈ મોહનભાઈ તાવીયાડે પોલીસને જાણ કરતાં કાલાવડ ટાઉન પોલીસે સરકારી હોસ્પિટલમાં દોડી જઈ આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

**મહિલા સહિત ત્રણ ની અટકાયત**

જામનગરના બેડેશ્વર વિસ્તારમાં ધરારનગર -૨ માં જાહેરના ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહેલા હિતેશ ભીખુભાઈ , તેમજ સલમાબેન સિરાજભાઈ અને અમીનાબેન તાલબભાઈ ની અટકાયત કરી તેઓ પાસેથી રૂપિયા ૧૦,૨૪૦ ની રોકડ રકમ કબજે કરી છે.

OPEN INTERVIEW
શ્રીમતી આર.ડી.ગારડી કોલેજ ઓફ એજ્યુકેશન
મુ.હરિપર (પાળ), મોટેલ ધ વિલેજ સામે, કાલાવડ રોડ, રાજકોટ
એમ.એડ્. અભ્યાસક્રમ માટે શૈક્ષણિક સ્ટાફ જોઈએ છે
PROFESSOR-2 ASSO. PROFESSOR-3
ASSIT. PROFESSOR-6
લાયકાત અને પગાર ધોરણ : NCTE-2014, રાજ્ય સરકાર અને સૌરાષ્ટ્ર યુનિ.નાં ધારા ધોરણ મુજબ
લાયકાત ધરાવતા ઉમેદવારોએ લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રો અસલ તથા નકલ(૨) તથા તાજેતરનો ફોટોગ્રાફ(૨) સાથે મેનેજીંગ ટ્રસ્ટીશ્રીનાં નામ જોગ લખેલ અરજી સાથે
તારીખ : ૧૨-૧૨-૨૦૨૨, સોમવારે સવારે ૧૦.૦૦ કલાકે કોલેજનાં ઉપરોકત સરનામે ઉપસ્થિત રહેવું.

ડિસ્ટ્રિબ્યુટેડ સોલર પાવર એસોસિએશન
જાહેર સૂચના
ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પાવર એસોસિએશન અને ક્લીનમેક્સ ભૂમિ પ્રાઈવેટ લિમિટેડ (જેને "પિટિશનર્સ" તરીકે ઓળખવામાં આવે છે)એ ગુજરાત વીજ નિયમન પંચ ("GERC") ઓર્ડર નંબર ૪ ના ૨૦૨૧, તારીખ ૦૩.૦૪.૨૦૨૧ અમલીકરણમાં મુશ્કેલીઓ દૂર કરવા માટે અરજી (પિટિશન નંબર ૨૧૨૮/૨૦૨૨) દાખલ કરી છે. ની એટલે કે "ગુજરાત રાજ્ય માટે વિન્ડ-સોલાર હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ અને અન્ય વ્યાપારી મુદ્દાઓમાંથી વિતરણ પરવાનાધારકો અને અન્ય લોકો દ્વારા વીજળીની પ્રાપ્તિ માટે ટેરિફ ફ્રેમવર્કની લાગુ કરવાઃ
"માનનીય GERCના નિર્દેશ મુજબ, અરજદાર ઉપરોક્ત અરજી પર હિતધારકો પાસેથી વાંધા/સૂચનો આમંત્રિત કરે છે. અરજીની નકલ માનનીય GERC (www.gerc.org)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
આથી સૂચના આપવામાં આવે છે કે કોઈપણ હિસ્સેદાર કે જેઓ પિટિશન પર વાંધા/સૂચનો દાખલ કરવામાં રસ ધરાવતા હોય તેઓ સચિવ, ગુજરાત વિદ્યુત નિયમનકારી આયોગ, ૬ઠ્ઠો માળ, ગિફ્ટ વન, પસી, સચિવ ઝોન ૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ આ નોટિસ જારી થયાની તારીખથી ૧૫ દિવસની અંદર નીચે સહી કરનારને નકલ સાથેને તેમની રજૂઆતના સમર્થનમાં એફિડેવિટ સાથે પાંચ નકલોમાં ફાઈલ કરી શકે છે.
નીચેના ઈમેલ આઈડી પર પણ વાંધા સબમિટ કરી શકાય છે.
i.efiling@gercin.org; Secretary@gercin.org
ii. info@cleanmax.com અને
iii.contact@dispa.com
સુનાવણીની તારીખ GERCની વેબસાઈટ (www.gercin.org) પર અપડેટ કરવામાં આવશે.
ડિસ્ટ્રિબ્યુટેડ સોલર પાવર એસોસિએશન
A-57, DDA શેડ્સ, ઓખલા ઈન્ડસ્ટ્રીયલ ફેઝ-II,
નવી દિલ્હી-૧૧૦૦૨૦
ડીઆઈએસપીએ માટે
● તારીખઃ ૦૪.૧૨.૨૦૨૨
સહી/- સચિવ

**કુર્આનની નસીહત**

કુર્આનમાં અલ્લાહત્આલા કહે છે, ''જમીન પર ઈતરાઈને ના ચાલો, ખરેખર અલ્લાહ કોઈપણ ઈતરાનાર મિથ્યાભિમાનીને પસંદ નથી કરતા.''

**આજની આરસી**

| | |
|---|---|
| ૬ ડિસેમ્બર મંગળવાર ૨૦૨૨ | |
| ૧૧જમાદિલઅવ્વલહિજરી૧૪૪૪ | |
| માગસર સુદ ચૌદસ સંવત ૨૦૭૯ | |
| સુબ્હ સાદિક | ૫-૪૭ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૦ |
| તુલૂએઆફતાબ (સૂર્યોદય) | ૭-૦૭ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૪ |

**હદીસ બોધ**

જે કોઈ બીજાને ખરાબ નામથી બોલાવે છે તે સૌથી વધારે અપકીર્તિ મેળવે છે. -હ.અલી (રદિ.)

**બોધ વચન**

પ્રેમ કરનાર વ્યક્તિ સંપૂર્ણ હોય એ જરૂરી નથી, માનવ હોય તે પૂરતું છે. -ઓસ્કાર વાઈલ્ડ

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. -વ્યવસ્થાપક

# ફીફા વર્લ્ડકપ : સેનેગલને ૩-૦થી હરાવનાર ઈંગ્લેન્ડ કવાર્ટર ફાઈનલમાં ફ્રાન્સ સામે ટકરાશે

અલખૌર, તા.૫

ઈંગ્લેન્ડે કપ્તાન હેરી કેનના આ વર્ષ ફૂટબોલ વિશ્વકપમાં પ્રથમ ગોલની મદદથી અહિંયા સેનેગલને ૩-૦થી હરાવી કવાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યા છે. જ્યાં તેનો સામનો ફ્રાન્સ સાથે થશે કેને ઈંગ્લેન્ડ તરફથી પરમી મિનિટમાં ગોલ કર્યો અને તે દેશ તરફથી હાઈએસ્ટ ગોલના વેન રૂનીના રેકોર્ડથી ફક્ત એક ગોલ પાછળ છે તેણે ૧૧ ગોલ સાથે મોટી ટુર્નામિન્ટમાં પોતાના દેશના ટોપ સ્કોરરના રૂપમાં ગૈરી લિનેકરને પાછળ પાડી દીધા અલ બાયત સ્ટેડિયમમાં જોર્ડન હેંડરસન અને બુકાયો સાકાએ પણ ઈંગ્લેન્ડ માટે ગોલ કર્યા આ ગોલમાં બેલિંગહેમ અને ફિલફોડેનની પણ મહત્ત્વની ભૂમિકા રહી રશિયામાં ગત વિશ્વકપની સેમીફાઈનલમાં પહોંચનાર ઈંગ્લેન્ડનો સામનો હવે શનિવારે અલ બાયત સ્ટેડિયમમાં જ ગત ચેમ્પિયન ફ્રાન્સ સાથે થશે કેને કહ્યું કે, અમે મેચનો આનંદ લીધો પણ ચોક્કસ રીતે અમારું ધ્યાન આગામી મુકાબલા પર છે આ ઘણો મોટો મુકાબલો થવાનો છે તે ગત ચેમ્પિયન છે પણ આ એક સારો મુકાબલો થશે. ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે મુકાબલામાં ટુર્નામિન્ટના ટોપ સ્કોરર એમ બાપે અને બેલિંગહેમ જેવા ઉત્કૃષ્ટ ખેલાડીઓને રમતા જોવાની તક મળશે એમ બાપે પોલેન્ડ વિરૂદ્ધ પ્રી કવાર્ટર ફાઈનલ મેચમાં ફ્રાન્સની ૩-૧થી જીતમાં બે ગોલ સહિત કુલ પાંચ ગોલ કર્યા છે. બેલિંગ હેમે હાલના વિશ્વકપમાં એકમાત્ર ગોલ ઈરાન વિરૂદ્ધ ૬-૨ની જીત દરમ્યાન કર્યો હતો પણ તેણે બાકી ખેલાડીઓના ગોલમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે બેલિંગહેમે ૩૮મી મિનિટમાં હેડરસનને ક્રોસ આપ્યો જેણે તેણે ગોલમાં પહોંચાડી દીધો હતો.

## પઠાણ બંધુઓએ પરિવાર સાથે મતદાન કર્યું


(તસવીર : અતિક શેખ, વડોદરા)

વડોદરા ખાતે આજ રોજ વાસણા રોડ સંત કબીર સ્કૂલ ખાતે ક્રિકેટર ઈરફાન પઠાણ અને યુસુફ પઠાણ પોતાના પરિવાર સાથે મતદાન કરવા પહોંચ્યા હતા. આ સમયે પઠાણ બંધુઓ સાથે તેમના પિતા મેહમુદ ખાન પઠાણ, માતા શમીમ બાનું, ઈરફાન ના પત્ની શફા પઠાણ તેમજ યુસુફ ના પત્ની આફરીન પઠાણે પણ મતદાન કર્યું હતું.

# એમબાપેના રૂપમાં ફૂટબોલની દુનિયાને મળ્યો નવો 'બ્લેક પર્લ'




દોહા, તા.૫

ગત વર્લ્ડકપમાં ફ્રાન્સને ચેમ્પિયન બનાવવામાં ૧૯ વર્ષના કિલિપન એમબાપેનો મોટો રોલ રહ્યો હતો. ગત ચાર વર્ષમાં તે ફૂટબોલની દુનિયાનો સૌથી મોટો ખેલાડી બની ગયો છે. રવિવારે તેણે પોલેન્ડ વિરૂદ્ધ પ્રી કવાર્ટર ફાઈનલમાં મેચમાં બતાવ્યું કે કેમ આટલો કિંમતી છે. તેણે આ મેચમાં બે શાનદાર ગોલ કર્યા જેની મદદથી ફ્રાન્સે પોલેન્ડને ૩-૧થી હરાવી કવાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. આ સાથે જ એમબાપે ફૂટબોલના 'બ્લેક પર્લ' પેલે અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. ૨૪ વર્ષથી ઓછી ઉંમરમાં ફૂટબોલ વિશ્વકપમાં કિલિયન એમબાપેએ નવમો ગોલ કર્યો જ્યારે કે તે ફક્ત ૧૧મી મેચ જ રમી રહ્યો હતો. બીજી બાજુ બ્રાઝિલના મહાન પેલેના નામે આ ઉંમરમાં વર્લ્ડકપમાં સાત ગોલ હતા જ્યારે પોર્ટુગલના મહાન ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વર્લ્ડકપમાં ૨૦ મેચમાં આઠ ગોલ કર્યા છે. જ્યારે એમબાપે હવે તેમનાથી એક પગલું આગળ વધી ગયો છે.

# ગિરોડ ફ્રાન્સ તરફથી હાઈએસ્ટ ગોલ કરનાર ખેલાડી બન્યો



દોહા, તા.૫

રાષ્ટ્રીય ટીમ તરફથી હાઈએસ્ટ ગોલ કરનાર ખેલાડી બન્યા બાદ ઓલીવિયર ગિરોડની નજર ફ્રાન્સને સતત બીજીવાર ફૂટબોલ વિશ્વકપમાં ચેમ્પિયન બનાવવા પર કેન્દ્રિત છે. પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પોલેન્ડ વિરૂદ્ધ ૩-૧ની જીત દરમ્યાન ગિરોડે પરમો આંતરરાષ્ટ્રીય ગોલ કરી પોતાના દેશ તરફથી હાઈએસ્ટ ગોલ કરવાના મામલામાં થિયેરી હેનરીને પાછળ પાડી દીધો છે. ગિરોડે કહ્યું કે હું આ ગોલ (પોલેન્ડ વિરૂદ્ધ) કરવા માટે આતુર હતો. આ ગોલ બાદ હું રાહત અનુભવી રહ્યો છું. તેણે કહ્યું કે, અમે હવે આને ભૂલીને આગળ વધી શકીએ છીએ કારણ કે આટલા બધા લોકો આ વિશે વાત કરી રહ્યા છે. હવે આ થઈ ગયું છે. આ સારી વાત છે પણ હવે ટીમને પોતાના લક્ષ્યાંક સુધી પહોંચવામાં મદદ કરવા માટે વધુ ગોલ કરવા સૌથી મહત્ત્વપૂર્ણ છે. ગિરોડે ફ્રાન્સની શરૂઆતની મેચમાં ઓસ્ટ્રેલિયા સામે ૪-૧ની જીતમાં બે ગોલ કરી હેનરીના ૫૧ ગોલના રેકોર્ડની બરાબરી કરી હતી.

# પાકિસ્તાનનો શરમજનક પરાજય ઈંગ્લેન્ડે ૭૪ રને પ્રથમ ટેસ્ટ જીતી



રાવલપિંડી, તા.૫

રાવલપિંડીમાં રમાયેલી હાઈસ્કોરીંગ પ્રથમ ટેસ્ટ મેચ ઈંગ્લેન્ડે જીતી લીધી છે મેચના પાંચમા દિવસના અંતિમ સેશનમાં પાકિસ્તાનને વિજય માટે ૮૬ રનની જરૂર હતી અને તેની પાંચ વિકેટ બાકી હતી અહિંયા ટીમનો વિજય નિશ્ચિત જણાતો હતો પણ ત્યારબાદ ઝડપી બોલર ઓલી રોબિન્સન અને જેમ્સ એન્ડરસને શાનદાર બોલિંગ કરતાં ઈંગ્લેન્ડે મેચ જીતી લીધી. ઈંગ્લેન્ડે રોમાંચક બનેલી ટેસ્ટ ૭૪ રને જીતી લીધી આ જીત સાથે ઈંગ્લેન્ડે સીરિઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. પાકિસ્તાનને વિજય માટે ૩૪૩ રનની જરૂર હતી ઈંગ્લેન્ડે પોતાની બીજી ઈનિંગ સાત વિકેટે ૨૬૪ રન બનાવી ડીકલેર કરી હતી. પ્રથમ ઈનિંગમાં ઈંગ્લેન્ડની ટીમે ૬૫૭ રન બનાવ્યા હતા.

પાકિસ્તાને પણ સારી બેટીંગ કરી પ્રથમ ઈનિંગમાં ૫૭૯ રન બનાવ્યા હતા. ટી-બ્રેકના સમયે પાકિસ્તાનનો સ્કોર પાંચ વિકેટે ૨૫૭ રન હતો. ટીમને વિજય માટે ૮૬ રનની જરૂર હતી પણ ત્યારબાદ ઈંગ્લીશ ટીમે પુનરાગમન કર્યું. પાકિસ્તાન માટે અનેક બેટ્સમેનોને સારી શરૂઆત મળી તે પિચ પર સેટ થઈ ગયા પણ લાંબી ઈનિંગ રમી શક્યા નહીં. ઈમામ ઉલ હકે ૪૮, અઝહર અલીએ ૪૦, મો.રિઝવાને ૪૬ જયારે સલમાને ૩૦ રનની ઈનિંગ રમી. ઈંગ્લેન્ડ માટે રોબિન્સન અને એન્ડરસને ચાર-ચાર વિકેટ ઝડપી જયારે સ્ટોક્સ અને લીચને એક-એક વિકેટ મળી.

## સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તક

# રાંદેરની શાળાના વિદ્યાર્થીઓએ બ્રિજ પર વજન વધે તો એલાર્મ વાગે અને લાઈટ થાય તેવું મોડલ બનાવ્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૫

મોરબીની મચ્છુ નદી પર બનેલા ઝુલતા પુલ દુર્ઘટનામાં ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ઘણા લોકો ઈજાગ્રસ્ત થયાં હતા. આ દુર્ઘટના ચૂંટણી પહેલાં થઈ હોવાથી રાજકીયપક્ષોએ બ્રિજ દુર્ઘટનાને રાજકીય મુદ્દો બનાવી ચૂંટણીમાં રાજકારણ ગરમાવ્યું હતું. જોકે કોઈએ પણ પક્ષે આવી દુર્ઘટના બીજી વાર ન થાય તે માટેની વાત કરી ન હતી. પરંતુ સુરતની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની રાંદેરની એક સ્કૂલના વિદ્યાર્થીઓએ બનાવેલ મોડેલ બ્રિજ પર વજન વધે તો એલાર્મ વાગે અને લાઈટ થવા લાગે તેવી ડિઝાઈન બનાવી હતી.

ગુજરાતના મોરબી શહેરમાં નદી પર બનાવવામાં આવેલો ઝૂલતા બ્રિજ પર દિવાળી વેકેશન બાદ બ્રિજ પર મોટી ભીડ ભેગી થઈ અને વધુ પડતા વજનને કારણે બ્રિજ તૂટી પડયો હતો. આ બ્રિજને રીપેરીંગ ન થયું હોવાની પણ ફરિયાદ ઉપરાંત બ્રિજના મેઈન્ટેનન્સ યોગ્ય રીતે ન થઈ હોવાની પણ ફરિયાદ છે. કારણ કોઈ પણ હોય આ બ્રિજ તુટી પડતાં ૧૩૫ નિર્દોષ લોકોએ પાતના જીવ ગુમાવ્યા છે તેની ઉપર ચુંટણીમાં ભારે રાજકારણ રમાઈ ગયું હતું .મોરબી દુર્ઘટના બાદ રાજકીય પક્ષોએ આક્ષેપોનો મારો ચલાવ્યો હતો પરંતુ કોઈ પણ રાજકીય પક્ષોએ આવી દુર્ઘટના ટાળી કેવી રીતે શકાય તે માટે કોઈ ચચા કરી ન હતી. પરંતુ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓએ આ મુદ્દાને ગંભીરતાથી લઈને વિજ્ઞાન મેળામાં આવી દુર્ઘટના કેવી રીતે અટકાવી શકાય તે માટેની કૃતિ બનાવી હતી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં સી.આર.સી. કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિજ્ઞાન મેળામાં રાંદેર ઝોનમાં આવેલી શાળા ક્રમાંક ૨૧૮ ધૂમકેતુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ મોરબી જેવી દુર્ઘટના રોકવા માટે સેન્સર થી ચાલતું એક મોડલ બનાવ્યું હતું. આ મોડલ અંગે વિદ્યાર્થીઓ કહે છે, મોરબીની દુઃખદ ઘટના બની આવી દુર્ઘટના નું પુનરાવતર્ન ન થાય તે જરુરી છે. આ મોડલ સાથે સેન્સર જોડી દેવામાં આવ્યું છે. આ બ્રિજ પરનો લોડ નક્કી કરવામા આવ્યું છે. તેના કરતાં વજન વધે તો સેન્સર થકી એલાર્મ વાગે અને લાઈટ થવા લાગે છે. આ એલાર્મ એ બતાવે છે કે બ્રિજ પર વજન વધ્યું છે તેથી જોખમ ઉભું થાય તેવી શક્યતા છે. તેથી તાત્કાલિક વધારાનું વજન ન થવા દેવા સાથે બ્રિજ પર હાજર લોકોને ખસેડી દેવામાં આવે અને તેના કારણે દુર્ઘટના નું નિવારણ થઈ શકે છે. સુરત શિક્ષણ સમિતિની સ્કુલના વિદ્યાર્થીઓએ દુર્ઘટના બાદ વિજ્ઞાન મેળામાં જે મોડલ બનાવ્યું છે તેનો સરકાર કે પાલિકા વાસ્તવિક પ્રોજેક્ટમાં ઉપયોગ કરીને આવી ટેકનોલોજી બનાવે તો દુર્ઘટનાની જાણ અગાઉથી થઈ શકે તેમ છે. વિદ્યાર્થીઓએ બનાવેલું આ મોડલ સમિતિમાં ચચાર્નો વિષય બન્યો છે અને સમિતિના અધિકારીઓ-પદાધિકારીઓ આ મોડલને વખાણી રહ્યા છે.

# એક હિન્દુએ એક મુસ્લિમ બહેન પ્રત્યે ભાઈની ફરજ નિભાવી


(તસવીર :- ગુલામહૈદર ડોડિયા, કેશરપુરા)

ખેરાલુ તાલુકાના ઉણાદ ગામે છેલ્લા ૨૦ વર્ષથી યુનુસભાઈ મનસુરી અને એમના પત્ની હમેદાબેનનો પરિવાર રહે છે. તેમની દીકરી શબનમને મામા ન હોવાથી ઉણાદ ગામના નરેન્દ્રભાઈ ચૌધરીને બચપણથી મામા કહેતી આવી છે. જ્યારે શબનમનો લગ્નપ્રસંગ આવ્યો તો નરેન્દ્રભાઈએ મામેરૂ ભરી મામાના શાબ્દિક અર્થને વાસ્તવિક મામા તરીકે સાર્થક કરી બહેનના ભાઈ બનીને માનવતાનો ધર્મ નિભાવ્યો. આમ વિસનગર હરિહર સેવા મંડળ ખાતે યોજાયેલા લગ્ન સમારંભમાં નરેન્દ્રભાઈ ચૌધરીએ ૧૧,૧૧૧/-રૂપિયા મામેરા તથા ચાંલ્લા પેટે આપી હિન્દુએ એક મુસ્લિમ બહેન પ્રત્યે ભાઈની ફરજ નિભાવી હિન્દુ-મુસ્લિમ એકતાનું અનેરૂં ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. જે આજે કોમવાદનું ઝેર રેડતા તત્ત્વોએ સબક લેવા જેવો છે.

## રાહુલે કેચ છોડ્યો પણ સુંદરે પણ પ્રયાસ ના કર્યો

# ભારત જીતેલી મેચ હારી ગયું, આપણો ડેથ બોલર કોણ છે ? : મોહમદ કૈફ

## જો વિશ્વકપ જીતવો હોય તો દબાણનો સામનો કરતાં શીખવું પડશે : પૂર્વ ક્રિકેટર



નવી દિલ્હી, તા.૫

મોહંમદ કૈફે ભારતીય ટીમ મેનેજમેન્ટ પર અમુક ગંભીર સવાલ ઉઠાવ્યા છે કે બાંગ્લાદેશ સામે ભારતની હાર બાદ હાલ ડેથ બોલર કોણ છે બાંગ્લાદેશે અંતિમ વિકેટ માટે અણનમ ૫૧ રનની ભાગીદારી કરી ભારતને એક વિકેટે હરાવી દીધું. મેચ બાદ મો.કેફે કહ્યું કે મેચ રોહિત શર્માની ટીમના હાથમાં હતી અને બોલિંગ શાનદાર હતી જો કે તેણે સવાલ ઉઠાવ્યો કે ટીમનો ડેથ બોલર કોણ છે તેણે કહ્યું કે આ મેચ ભારતની હતી તેમણે નવ વિકેટે જડપી હતી બોલિંગ શાનદાર હતી તેમણે બેટ્સમેનોના ખરાબ પ્રદર્શન બાદ ભારતને મેચમાં લાવી દીધું હતું બોલિંગે ૪૦ ઓવર સુધી તેને કવર કર્યું પણ અંતિમ ૧૦ ઓવરમાં આપણા ડેથ બોલરો કોણ છે શું તે દીપક ચહર કે કુલદીપ સેન છે તેણે કહ્યું કે, આપણે કેચ છોડ્યા. કે એલ રાહુલ મોટાભાગે આવું કરતો નથી તે એક સારો ફિલ્ડર છે વોશિંગ્ટન સુંદરે કેચ ઝડપવા માટે ડ્રાઈવ લગાવી નહીં અને પ્રયાસ પણ ના કર્યો પૂર્વ ક્રિકેટરે એમ પણ કહ્યું કે, જો ટીમ વિશ્વકપ જીતવા માંગે છે તો તેણે દબાણનો સામનો કરવાનું શીખવું પડશે તેણે કહ્યું કે ફિલ્ડરો દબાણમાં જોવા મળ્યા હતા અમે દબાણમાં ભૂલો કરી જે તમારે વિશ્વકપ જીતવો હોય તો તેમને દબાણનો સામનો કરતા આવડવું જોઈએ કૈફે કહ્યું કે, હું નિરાશ છું રમતમાં ઓવર સારી રહી પણ મહેંદી હસન આવ્યો અને બાંગ્લાદેશના બેટ્સમેનોને બતાવ્યું કે કેવી રીતે રમવાનું છે પણ મને લાગે છે કે યુવા બોલર અંતિમ ૧૦ ઓવરમાં મેચ સમાપ્ત કરી શક્યા નહીં.

# બીજા તબક્કાના મતદાન સમયે વડોદરામાં કચરાપેટીમાંથી ૮.૭૫ કરોડનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

સિંધરોટની સીમમાં મહી કાંઠે ખેતરમાં ઊભી કરાયેલી ફેક્ટરીમાં એટીએસે રેડ કરીને ૬૩ કિલો ૬૧૩ ગ્રામ એમડી ડ્રગ્સ અને એમડી ડ્રગ્સ બનાવવાનું ૮૦ કિલો ૨૬૦ ગ્રામ લિક્વિડ મટિરિયલ મળી કુલ રૂા.૪૭૮.૬૫ કરોડનો જથ્થો ઝડપ્યો હતો. ઉપરાંત એટીએસે શનિવારે રાત્રે સુભાનપુરા સમતા ચાર રસ્તા પાસેની કચરાપેટી પાસે સંતાડેલો ૮.૮૫ કરોડનો ૧.૭૭૦ કિલો એમડીનો જથ્થો ઝડપી પાડ્યો હતો અને વધુ એક આરોપીની અટક કરી હતી. એટીએસની ટીમે સિંધરોટ ગામે દરોડો પાડી ફેક્ટરીમાં તપાસ હાથ ધરી હતી. જેમાં રૂા.૪૭૮.૬૫ કરોડનું ૬૩ કિલો ૬૧૩ ગ્રામ એમડી ડ્રગ્સ અને એમડી ડ્રગ્સ બનાવવા ૮૦ કિલો ૨૬૦ ગ્રામ લિક્વિડ મટિરિયલ મળ્યું હતું. એટીએસે સૌમીલ ઉર્ફે સેમ સુરેશચંદ્ર પાઠક (એવરેસ્ટ સોસાયટી, સુભાનપુરા), શૈલેષ ગોવિંદભાઈ કટારિયા (ભાગ્યલક્ષ્મી સોસાયટી, રિફાઈનરી રોડ), વિનોદ ઉર્ફે પપ્પુ રમણભાઈ નિજામા (શ્રમમંદિર, સિંધરોટ), મો.શફી ઉર્ફે જગ્ગુ મિસ્કીન દિવાન (ફૈજલ પાર્ક, નડિયાદ) અને ભરત ભીમાભાઈ ચાવડા (પંચામૃત એપાર્ટમેન્ટ, ગોત્રી રોડ)ની ધરપકડ કરી હતી. ત્યારબાદ ૮ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ વેળા આરોપી ભરત ચાવડાની કબૂલાતના આધારે એટીએસે સુભાનપુરામાં સમતા ચાર રસ્તા પાસે એક સરકારી કંપનીના કમ્પાઉન્ડની પાછળ કચરાપેટી પાસે સંતાડેલો ૮.૮૫ કરોડનો ૧.૭૭૦ કિલો એમડીનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ભરત ચાવડાના પુત્ર હર્ષ મારફતે મેફેડ્રોન ભરેલી થેલી સાગરીત અશોક જીવણલાલ પટેલને આપી હતી. જે જથ્થો સમતા ચાર રસ્તા પાસે અશોક પટેલે છુપાવ્યો હતો. સિંધરોટમાં રેડ પડી છે તેવી ખબર પડતાં ભરતે જથ્થો છુપાવ્યો હોવાનું સપાટી પર આવ્યું છે. એટીએસે અશોક પટેલની અટક કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# કાલોલના અલાલી બૂથના પ્રિસાઈડિંગ ઓફિસરને ચાલુ ફરજે આવ્યો હાર્ટ એટેક

ગોધરા, તા.૫

બીજા તબક્કાના મતદાન વેળા કલોલ તાલુકાનાં અલાલી બૂથના પ્રિસાઈડિંગ ઓફિસરનો હૃદયરોગનો હુમલો આવતા તાત્કાલીક ૧૦૮ મારફત હોસ્પિટલ લઈ જવાયા હતા. કાલોલ તાલુકાના અલાલી બૂથના પ્રિસાઈડિંગ ઓફિસરને અચાનક હાર્ટ એટેક આવતા તાત્કાલિક ૧૦૮ મારફત તેઓને સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. પ્રિસાઈડિંગ ઓફિસરને એટેક આવતા હાજર સ્થાનિક તાત્કાલિક દોડી આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ આવતા તેઓને સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હાલ તેઓ સારવાર હેઠળ છે.

# અમે મેચમાં વાપસી માટે ભરપૂર પ્રયાસો કર્યા : રોહિત

નવી દિલ્હી, તા.૫

મેચ બાદ ભારતીય કેપ્ટન રોહિત શર્માએ કહ્યું કે, 'તે ખૂબ જ નજીકની મેચ હતી. અમે મેચમાં વાપસી માટે ભરપૂર પ્રયાસો કર્યા હતા. અમારી બેટિંગ નબળી હતી પરંતુ બોલિંગ શાનદાર હતી. અમે બાંગ્લાદેશના ખેલાડીઓ પર અંત સુધી દબાણ બનાવી રાખ્યું હતું. જો તમે જોશો તો અમે છેલ્લી કેટલીક ઓવરોમાં અંતમાં વિકેટો લીધી છે. રન વધુ બની શક્યા નહી. જો ૩૦-૪૦ વધુ રન બનાવ્યા હોત તો ચોક્કસ ફરક પડત. કેએલ રાહુલ અને વોશિંગ્ટન સુંદર બંને શાનદાર રમ્યા'.


**ડિસ્ટ્રિબ્યુટેડ સોલર પાવર એસોસિએશન**

**જાહેર સૂચના**

ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પાવર એસોસિએશન અને ક્લીનમેક્સ ભૂમિ પ્રાઈવેટ લિમિટેડ (જેને ''પિટિશનર્સ'' તરીકે ઓળખવામાં આવે છે)એ ગુજરાત વીજ નિયમન પંચ (''GERC'') ઓર્ડર નંબર ૪ ના ૨૦૨૧, તારીખ ૦૩.૦૪.૨૦૨૧ અમલીકરણમાં મુશ્કેલીઓ દૂર કરવા માટે અરજી (પિટિશન નંબર ૨૧૨૮/૨૦૨૨) દાખલ કરી છે. ની એટલે કે ''ગુજરાત રાજ્ય માટે વિન્ડ-સોલાર હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ અને અન્ય વ્યાપારી મુદ્દાઓમાંથી વિતરણ પરવાનાધારકો અને અન્ય લોકો દ્વારા વીજળીની પ્રાપ્તિ માટે ટેરિફ ફ્રેમવર્કની લાગુ કરવાઃ

''માનનીય GERCના નિર્દેશ મુજબ, અરજદાર ઉપરોક્ત અરજી પર હિતધારકો પાસેથી વાંધા/સૂચનો આમંત્રિત કરે છે. અરજીની નકલ માનનીય GERC (www.gerc.org)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

આથી સૂચના આપવામાં આવે છે કે કોઈપણ હિસ્સેદાર કે જેઓ પિટિશન પર વાંધા/સૂચનો દાખલ કરવામાં રસ ધરાવતા હોય તેઓ સચિવ, ગુજરાત વિદ્યુત નિયમનકારી આયોગ, ૬ઠ્ઠો માળ, ગિફ્ટ વન, પસી, સચિવ ઝોન ૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ આ નોટિસ જારી થયાની તારીખથી ૧૫ દિવસની અંદર નીચે સહી કરનારને નકલ સાથેને તેમની રજૂઆતના સમર્થનમાં એફિડેવિટ સાથે પાંચ નકલોમાં ફાઈલ કરી શકે છે.

નીચેના ઈમેલ આઈડી પર પણ વાંધા સબમિટ કરી શકાય છે.

i.efiling@gercin.org; Secretary@gercin.org
ii. info@cleanmax.com અને
iii.contact@dispa.com

સુનાવણીની તારીખ GERCની વેબસાઈટ (www.gercin.org) પર અપડેટ કરવામાં આવશે.

**ડિસ્ટ્રિબ્યુટેડ સોલર પાવર એસોસિએશન**
A-57, DDA શેડ્સ, ઓખલા ઈન્ડસ્ટ્રીયલ ફેઝ-II,
નવી દિલ્હી-૧૧૦૦૨૦

ડીઆઈએસપીએ માટે
સહી/- સચિવ

● તારીખ: ૦૪.૧૨.૨૦૨૨